# તું હવે આવે ન આવે ગમ નથી, કાળજા કાઠાં કરી બેઠાં છીએ !

સરલાબહેનને ભરૂચની આર્ટસ કોલેજમાં અધ્યાપિકા તરીકે જોડાવાનો ઓર્ડર મળ્યો ને એના હૈયામાં હરખની હેલી ચડી! આમ તો સરલા વસાવા સાવ સામાન્ય આદિવાસી કુટુંબની છોકરી. ભરૂચમાં લીંબડાચોક પાસેની એક શેરીમાં એનું ઘર. માતા-પિતાને તો એણે નાનપણમાં જ ગુમાવેલાં પણ આડોશી-પાડોશીઓએ આ સાત વરસની બાળકીને સંભાળી લીધી. આમ, સરલાનું નાનપણ તો પાડોશીઓના સહારે જ પસાર થયું.

ધીમે ધીમે એ મોટી થતી ગઈ. રસોઈ બનાવતાં શીખી. પિતા એક કંપનીમાં કલાર્ક હતા ને કંપનીમાં જ અવસાન પામેલા એટલે એમને સારી એવી રકમ મળેલી, જે પાડોશીઓએ સરલાના નામે ફિક્સ કરી મૂકેલી. જેમ જેમ એ મોટી થતી ગઈ, ફિક્સમાંથી નાણાં તૂટતાં ગયાં.

જો કે એ ગ્રેજ્યુએટ પણ થઈ ગઈ ને છતાં હજી નાણાં વધ્યાં હતાં. હવે એણે ઘરને બરાબર વ્યવસ્થિત કર્યું. એનો વિષય સોશિયોલોજી હતો ને એને એમાં જ વધારે રસ હતો એટલે એ જ વિષય સાથે એણે એમ.એ. પણ કર્યું. એમ.એ. કર્યા પછી ભરૂચની એક કંપનીમાં એ કલાર્ક તરીકે જોડાઈ, જેથી હવે ફિક્સમાંથી પૈસા ઉપાડવા ન પડે. નોકરી કરતાં કરતાં એને વિચાર આવ્યો - સરકાર Ph.D કર્યા પછી અધ્યાપક તરીકે નોકરી આપે છે, તો શા માટે Ph.D ન કરવું? એણે તરત જ Ph.D કરવાનું નક્કી કરી નાખ્યું. ભરાચની કોલેજના જ પ્રા. છોટુભાઈ વસાવા એના ગાઈડ બન્યા ને વિષય હતો - આદિવાસીઓની અંતર્ગત સમસ્યાઓ. બે વરસ એણે તનતોડ મહેનત કરી અને આખરે એનો થિસિસ પૂરો થયો. એણે એ યુનિવર્સિટીમાં સબમીટ કર્યો ને થોડા સમય પછી એનું વાઈવા પણ પત્યું ને એને Ph.Dની ડિગ્રી મળી ગઈ! સરલા વસાવા હવે ડૉ. સરલા વસાવા બની ગઈ!

બરાબર એ જ દિવસોમાં ભરૂચની જ કોલેજમાં સોશિયોલોજીના અધ્યાપકની જાહેરખબર એના વાંચવામાં આવી. ચાર-પાંચ જગ્યાઓ માટે જાહેરાત હતી. એણે અરજી કરી દીધી, ને ઈન્ટરવ્યૂની ચાતક કંઠે રાહ જોવા લાગી. આખરે ઈન્ટરવ્યૂ પત્યો. અનામત જગ્યા હતી એટલે એને કોઈ વાંધો ન આવ્યો. થોડા જ સમયમાં એના હાથમાં નિમણૂકપત્ર હતો!

સરલા હતી તો આદિવાસી યુવતી પણ એકદમ શાલીન અને સંસ્કારી. દેખાવડી પણ ખરી. થોડી શ્યામ હતી પણ એનો શ્યામ રંગ પણ મન મોહી લે એવો હતો. એની ભાષા એકદમ સરસ અને મીઠી હતી.

જૂનમાં વર્ગો શરૂ થયા. ધીમે ધીમે સરલાની પ્રતિષ્ઠા જામતી ગઈ. સોશિયોલોજી રાખનાર વિદ્યાર્થીઓ પણ બીજા વરસે વધ્યા.

એ વરસે વાલિયા ગામના એક વિદ્યાર્થીએ સોશિયોલોજી વિષયમાં જ પ્રવેશ મેળવ્યો. એ વર્ગમાં આવ્યો ને સરલાની નજર એના પર પડી. એને આ વિદ્યાર્થીની આંખોમાં કૈંક અનોખી ચમક દેખાઈ.

રિસેસમાં એણે એ વિદ્યાર્થીને પોતાની પાસે બોલાવ્યો.

“શું તારું નામ છે?” સરલાએ પૂછ્યું.

“શું મેમ,” વિદ્યાર્થીએ કહ્યું, “મારું નામ કમલેશ છે. કમલેશ વસાવા. હું વાલિયાથી અહીં અભ્યાસ કરવા આવ્યો છું ને સમરસ હોસ્ટેલમાં મેં એડમિશન લઈ લીધું છે.” “વાહ કમલેશ,” સરલા હસી, “તેં બીજા પ્રશ્નો પૂછવાની મને તક પણ ન આપી છતાં, હું પૂછીશ - તારાં મમ્મી ને પપ્પા શું કરે છે?” ‘‘મેડમ,’’કમલેશ પણ હસ્યો, “મારાં મમ્મી ઘરકામ કરે છે ને આ વખતે એ વાલિયામાં સરપંચ તરીકે ચૂંટાયાં છે ને મારા પિતા આર્મીમાં હતા. રિટાયર્ડ થયા પછી એ દહેજમાં એક ફેક્ટરીમાં વોચમેન તરીકે નોકરી કરે છે.” “બહુ સરસ,” સરલા બોલી, “તને જોઈને જ મને લાગ્યું હતું કે, આ કોઈ સંસ્કારી ઘરનો છોકરો છે. ધ્યાન દઈને ભણજે ને જ્યારે પણ મારી મદદની જરૂર પડે, ત્યારે વિના સંકોચે મારી પાસે આવી જજે.’’ “થેન્ક યુ મેમ” કહીને કમલેશે વિદાય લીધી. કમલેશ હતો પણ સંસ્કારી ઘરનો. એનો બાંધો મજબૂત હતો. રંગ પણ ઘઉંવર્ણો, આંખો ચમકતી ને ચહેરો ભાવસભર. કોઈને પણ પહેલી નજરે ગમી જાય એવો એ યુવાન હતો. બે-ત્રણ વખત એ સરલા પાસે કશુંક શીખવા આવ્યો. સરલાને ગમ્યું. પહેલું વરસ પૂરું થયું. કમલેશ પ્રથમ વર્ગ સાથે પાસ થયો હતો. પરિણામના બીજા દિવસે એ વાલિયા ગયો ને ત્રીજા દિવસે એ પાછો આવ્યો.

એ સાંજે એ લીંબડાચોકમાં સરલાના ઘેર ગયો. એના હાથમાં એક થેલી હતી.

“મેડમ,” એણે બારણેથી પૂછ્યું, “અંદર આવી શકું?”

“અરે, કમલેશ,” સરલાએ હસીને કહ્યું, “તારે પૂછવાનું ન હોય, આવ, આવ. બેસ સોફા પર.’’

કમલેશ સોફા પર બેઠો એટલે સરલાએ એને પાણી આપ્યું. “મેડમ,” કમલેશે પોતાના હાથમાં રહેલી થેલી સરલા તરફ લંબાવતાં કહ્યું, “હું કાલે વાલિયા ગયો હતો, પરિણામની જાણ કરવા. મારી મમ્મીએ તમારા માટે નાગલીના પાપડ, બિસ્કિટ અને રાજપીપળાની મિઠાઈ મોકલી છે.” “વાહ,” સરલાએ થેલી લેતાં કહ્યું, “તારાં મમ્મીને ધન્યવાદ કહેજે ને મારા વતી એમનો આભાર માનજે. હવે, તું જમવાના ટાઈમે આવ્યો છે તો અહીં જમીને જ જજે.’’ “અરે મેડમ,” કમલેશ બોલ્યો, “એવી તકલીફ શા માટે લો છો ? હું તો હોસ્ટેલમાં જમી લઈશ.” “હોસ્ટેલમાં તો કાયમ જમતો હઈશ,” સરલા બોલી, “આજે મારા હાથની રસોઈ જમીને જ જજે. થોડી વાર બેસ, હું તૈયાર કરી નાખું.” કમલેશ સોફા પર બેઠો.

“સાહેબ નથી ઘેર?” એણે સરલાને પૂછ્યું.

“ના રે,” સરલા રસોડામાંથી બોલી, “હજી મારા લગ્ન નથી થયા.” કમલેશ એ પછી કશું ના બોલ્યો. થોડી વારે સરલાએ રસોઈ પૂરી કરી ને ડાઈનિંગ ટેબલ પર એણે પોતાની ને કમલેશની થાળીઓ પીરસી. જમવાનું ખરેખર સરસ બન્યું હતું. કમલેશને મઝા પડી.

“સરસ રસોઈ બનાવી છે મેડમ,” કમલેશ બોલ્યો, “મને તો મઝા પડી ગઈ.” “બસ, એ જ જોઈએ,” સરલા બોલી, “રસોઈમાં શું છે એ મહત્ત્વનું નથી, રસોઈ કેવી બની છે એ જ મહત્ત્વનું છે.” “રાઈટ મેડમ,” કમલેશ હાથ ધોતાં બોલ્યો, “હવે હું રજા લઉં, મિત્રો હોસ્ટેલમાં રાહ જોતા હશે. પાછા વેકેશનમાં બધા ઘેર જવાના છીએ.” “ભલે જા,” સરલા બોલી, “ને, આવતો રહેજે.”

વેકેશન પત્યું ને ફરી કોલેજ ધમધમતી થઈ ગઈ. કમલેશનું બીજું વરસ પણ શરૂ થયું. આ વરસે પણ એ બે-ત્રણ વખત સરલાને ત્યાં ગયો. સરલાએ એને જમાડયો. એના સોશિયોલોજીના જે પ્રશ્નો હતા એ સરળ ભાષામાં એને સમજાવ્યા. એ વરસ પણ પૂરું થયું ને કમલેશ પ્રથમ વર્ગમાં પાસ થયો. ફરી એ મિઠાઈ ને નાગલીના પાપડ, બિસ્કિટ લઈને સરલાને આપી આવ્યો. ત્રીજું વરસ પૂરું થયું ને કમલેશ ગ્રેજ્યુએટ થઈ ગયો. છેલ્લા વર્ષમાં પણ એણે ફર્સ્ટક્લાસ મેળવ્યો હતો.

આ વખતે જ્યારે એ મિઠાઈ લઈને સરલાના ઘેર આવ્યો ત્યારે સરલા એને જોઈ જ રહી. એનું વ્યક્તિત્વ જાણે બદલાઈ ગયું હતું. “કમલેશ,” સરલાએ કહ્યું, “હવે શું કરવાનો વિચાર છે ?’’ “ઘેર જઈને મારાં મમ્મી-પપ્પાને વાત કરું,” કમલેશ બોલ્યો, “એ લોકો કહેશે એ પ્રમાણે કરીશ.” “સરસ,” સરલાએ કહ્યું,




**મારી એકાકી જિંદગી મને હવે ખાલી ખાલી લાગે છે. જીવનસાથી વિનાનું જીવન ખરેખર નકામું છે. મારી ઈચ્છા છે કે, આપણે સાથે રહીએ તો કેવું રહે?**

“પણ, મને કહેતો રહેજે શું કરે છે એ.’’ “ભલે મેડમ,” કમલેશે ઊભા થતાં કહ્યું, “હું જાઉં છું. હવે નક્કી નથી ક્યારે આવીશ.” એ ગયો, એ પછી સરલા એના વિષે જ વિચારતી રહી. એક વિદ્યાર્થી તરીકે તો એની કમલેશ તરફની લાગણી સમજાય એવી હતી પણ હવે એમાં કૈંક નવું ઉમેરાયું હતું. એ શું હતું એની સરલાને જાણ નહોતી.

**સ્પંદન**
**નિરંજન યાજ્ઞિક**

એ દરમ્યાન એણે Ph.Dના ગાઈડ તરીકેની માન્યતા મેળવવા અરજી કરેલી, એ એને મળી ગઈ. બરાબર એ જ દિવસે કમલેશ એના ઘેર આવ્યો.

“કમલેશ,” સરલાએ કહ્યું, “શું કરવાનું નક્કી કર્યું?”

“મેડમ,” કમલેશ બોલ્યો, “મારા પપ્પા કહે છે કે, મેડમ જે કરવાનું કહે એ કરજે, એટલે હું અહીં આવ્યો છું.” “બહુ સરસ,’’ સરલા બોલી, “તો હવે તને ખુશખબર આપું કે, હું હમણાં જ Ph.Dની ગાઈડ બની છું. તું બે વરસ અહીં રહીને Ph.D કરી નાખ તો પછી કોલેજમાં લેક્ચરર તરીકે તને નોકરી મળી શકે. તારી જિંદગી બની જશે.” “મને કશો વાંધો નથી,” કમલેશે કહ્યું, “એવું થાય તો તો સારું. તમે મને કહો એ પ્રમાણે હું પ્રવેશની વિધિ કરી નાખું.”સરલાએ સમજાવ્યું, ને એ પ્રમાણે કમલેશે રજિસ્ટ્રેશન કરાવી નાખ્યું. સરલાએ એના માટે વિષય પસંદ કર્યો હતો - સરદાર સરોવરમાં ડૂબમાં ગયેલાં ગામોના વિસ્થાપિત આદિવાસીઓની સ્થિતિ.

સરલાએ પોતે પણ લગભગ આવો જ વિષય રાખેલો, એટલે એને લગતાં પુસ્તકો એણે આપ્યાં. કમલેશે સમરસ હોસ્ટેલમાં એડમિશન લઈ લીધું, ને અભ્યાસ પણ શરૂ કરી દીધો. સરલાની નોટસ, અનેક પુસ્તકો એને વીંટળાઈ વળ્યાં.

“કમલેશ,” સરલાએ એક દિવસ એને કહ્યું, “હવે તું આવા વિસ્થાપિતોની જે કોલોનીઓ છે, ત્યાં જા, એ આદિવાસીઓને મળ ને એમના પ્રશ્નો ને એમની સ્થિતિ સમજ. પછી એને કાગળ પર ઉતારજે. સાથે ટેપરેકોર્ડર લઈ જજે.” બીજા જ દિવસે કમલેશ જંગલમાં આદિવાસીઓની કોલોનીઓ પર પહોંચ્યો. પહેલું જે ઘર જોયું, ત્યાં એ ગયો. બારણું ખખડાવ્યું, ને એક વીસેક વરસની સુંદર યુવતીએ બારણું ખોલ્યું. કમલેશ તો એને જોતો જ રહી ગયો ! “હું Ph.Dનો વિદ્યાર્થી છું,” કમલેશે કહ્યું, “ને એ સંદર્ભમાં મારે અહીંના આદિવાસીઓની સ્થિતિ ને એમની સમસ્યાઓ વિષે જાણવું છે. તમે મને મદદ કરી શકશો?” “આવો અંદર,” યુવતી બોલી, “બેસો ખાટલા પર.” કમલેશ બેઠો, એટલે પેલી યુવતી પાણી લઈને આવી. “કોઈ અમારી સમસ્યાઓ પૂછવા નથી આવ્યા,” પેલી યુવતી બોલી, “પહેલી જ વાર તમે આ પૂછો છો” “પણ હું અહીં અજાણ્યો છું,” કમલેશ બોલ્યો, “કોને પૂછવું એ પણ નથી જાણતો.”

“હું છું ને?” યુવતી હસી, “મારું નામ અમી. હું તમારી સાથે બધાં ઘેર આવીશ. તમારે જે પ્રશ્નો પૂછવાના હોય એ પૂછજો. મારી મા બહાર ગઈ છે, એ આવે એટલે આપણે નીકળીશું.” અમીની મા આવી એટલે બન્ને થોડાં ઘેર ફર્યાં, કમલેશે ઘરનાં વડીલોને પ્રશ્નો પૂછ્યા, ને એમના જવાબો રેકોર્ડ કરતો રહ્યો. અમી એની લગોલગ ચાલતી રહી. ‘‘અમી,” કમલેશે પૂછ્યું, “તું ક્યાં સુધી ભણેલી છે?” “મેં બારમા ધોરણ સુધી અભ્યાસ કરેલો છે,’’ અમી કમલેશ સામે નજર નોંધીને બોલી, “પછી ભણવાનું ન બન્યું.” કમલેશ એની સુડોળ કાયા તરફ તાકી જ રહ્યો. “હું પણ વસાવા જ છું અમી,” કમલેશ બોલ્યો, “ને Ph.Dનો અભ્યાસ કરું છું. આજે જાઉં છું પણ હવે આવતો રહીશ પ્રશ્નો પૂછવા. તને વાંધો નથી ને ?” “અરે,” અમી બોલી, “મને તો ગમશે તમે આવશો એ.” કમલેશને બાઈક પરથી ઊતરીને ગલોટિયું ખાવાનું મન થઈ ગયું !

ત્રીજા દિવસે કમલેશ ફરી ત્યાં ગયો. આ વખતે અમી એની બાઈક પર બેસી ગઈ ને એની સાથે બીજી કોલોનીમાં ગઈ. એના દેહનો સ્પર્શ ને એના કુંવારા બદનની મહેક કમલેશ આખા રસ્તે માણતો રહ્યો.

“અમી,” કમલેશે પૂછ્યું, “તારા લગન થઈ ગયા છે?” “ના રે,” અમી બોલી, “હજી સુધી તો નથી થયા. હવે થાય તે ખરું.” “તને ભણેલો મુરતિયો મળે તો ગમે ખરું?” કમલેશે હિંમત કરીને પૂછી લીધું.

“કોને ન ગમે?” અમી બોલી, “પણ મારું નસીબ ક્યાં એવું છે કે...,” અમી કમલેશ તરફ જોઈને બોલી, “મને તમારી જેવો ભણેલો મુરતિયો મળે!” “કાલે ખબર પડશે!” કમલેશ બાઈક સ્ટાર્ટ કરતા બોલ્યો, “કાલે હું આવીશ.” એણે બાઈક સડસડાટ ભગાવી. આજે એણે સરલાના ઘેર જઈને આ વાત કરવી હતી. સરલા એ વખતે ઘેર જ હતી. હવે એને સમજાયું -એને કમલેશ તરફ જે લાગણી હતી, એને બીજા શબ્દોમાં પ્રેમ કહી શકાય! એણે નક્કી કર્યું કે, હવે કમલેશ આવે એટલે એની સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂકી જ દેવો. કમલેશ પણ મારતી બાઈકે લગભગ એ જ વખતે સરલાના ઘેર પહોંચ્યો. સરલાએ એને આવકાર્યો, સોફા પર બેસાડયો, ને વાત શરૂ કરી. ‘‘કમલેશ,” સરલા બોલી, “મારી એકાકી જિંદગી મને હવે ખાલી ખાલી લાગે છે. જીવનસાથી વિનાનું જીવન ખરેખર નકામું છે. મારી ઈચ્છા છે કે, આપણે સાથે રહીએ તો કેવું રહે?”

સિમેન્ટ કૉંક્રિટનો ગઠ્ઠો માથા પર પડ્યો હોય એમ કમલેશ ચમકી ગયો. “મેડમ,” કમલેશ બોલ્યો, “એવું તો બનતું હશે? તમારા તરફ મને સન્માન છે. તમે ખરેખર મારી માતા સમાન છો, આવો વિચાર પણ હું ન કરી શકું.

માફ કરજો.” સરલા સ્તબ્ધ બની ગઈ. એને લાગ્યું કે, આવો પ્રસ્તાવ મૂકીને એણે જિંદગીની મોટામાં મોટી ભૂલ કરી છે. “હું તો ખરેખર એ કહેવા આવ્યો હતો કે,” કમલેશ બોલ્યો, “કોલોનીમાં અમી નામની એક આદિવાસી છોકરી મને ગમી ગઈ છે, પણ એનાં ઘરના સાથે વાત કઈ રીતે કરવી એ મને સમજાતું નથી. હું તમને એ પૂછવા આવ્યો છું.” સરલા હવે સ્વસ્થ થઈ. હવે એને કોઈ રંજ નહોતો. કમલેશ ન મળ્યો એનો ગમ પણ એને નહોતો. “તને છોકરી ગમી છે,” સરલા બોલી, “ને છોકરીને તો તું ગમ્યો જ હઈશ. ચાલ, હું તારી સાથે આવું છું, તારી મમ્મી તરીકે હું એમની સાથે વાત કરીશ ને તારું એ છોકરી સાથે આજે જ ગોઠવી દઈશ.”

કમલેશની બાઈક પર એની પાછળ બેઠી ત્યારે સરલાની આંખમાં આંસુ હતાં!

(શીર્ષકપંક્તિઃ નિશિ સિંહ)